મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૬૦ ટકા

**ગાંધીનગર તાપમાન**

# આજે ગાંધીનગરથી 'કરૂણા એમ્બ્યુલન્સ-૧૯૬૨' સેવાનો રાજ્યવ્યાપી શુભારંભ

ગાંધીનગર, તા.૫

રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ઉત્તરાયણ પર્વ નિમિત્તે ઈજાગ્રસ્ત પશુ-પક્ષીઓની સારવાર અર્થે શરૂ કરેલ 'કરૂણા અભિયાન'ને વ્યાપક સફળતા મળી હતી. આ સફળતાને પરિણામે રાજ્ય સરકારે નવતર અભિગમ અપનાવી અકસ્માતનો ભોગ બનેલા ઈજાગ્રસ્ત પશુ-પક્ષીઓને ઈમરજન્સીના કેસોમાં સારવાર આપવા માટે 'કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ-૧૯૬૨' સેવાનો શુભારંભ કરવાનો નિર્ધાર કર્યો છે.

આકસ્મિક કારણોસર અનાથ પશુ-પક્ષીઓને સમયસર સારવાર મળી રહે તે આશયથી શરૂ કરવામાં આવનાર 'કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ' સેવાનો રાજયવ્યાપી શુભારંભ આવતીકાલ તા.૬ઠ્ઠી ઓકટોબરના રોજ બપોરના ૩-૦૦ કલાકે ગાંધીનગરથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે કરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારની આરોગ્ય વિભાગની '૧૦૮' સેવાની જેમ જ GVK-EMRI મારફતે જનભાગીદારીથી રાજ્યના પશુ-પક્ષીઓને અકસ્માત/ઈમરજન્સીમાં સારવાર માટે આ સેવાનો શુભારંભ કરાયો છે. જેનાથી એમ્બ્યુલન્સ વાન સાથે પશુચિકિત્સક દ્વારા મુંગા પશુ-પક્ષીઓને તાત્કાલિક સ્થળ પર સારવાર પૂરી પડાશે. જે માટે '૧૯૬૨' ટોલ ફ્રી હેલ્પલાઈન સેવા શરૂ કરાશે. હાલ રાજ્યમાં પશુ આરોગ્ય માટે ૩૩ જિલ્લામાં વેટરનરી પોલીકલીનીક, પશુ દવાખાના, મોબાઈલ પશુ દવાખાના અને પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો દ્વારા પશુ આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે.



ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે 'સ્વચ્છતા એજ સેવા' અભિયાનના ભાગરૂપે ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વૃક્ષારોપણ, શપથગ્રહણ વગેરે કાર્યક્રમો યોજાયા હતા. જેમાં યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે.એસ. લિખિયા, મહાનિયામક દિવ્યાંશુ દવે, કુલસચિવ કમલામણી રાવ, નાણાં અને હિસાબી અધિકારી આર.જે. શાહ સહિત તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે જિલ્લાની ૯ સરકારી પ્રાથમિક શાળાના ધો-૬ થી ૮ના કુલ ૨૬ બાળકોએ ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો હતો. સ્પર્ધામાં જયદેવ સિંધિયા, હાર્દિક ભટ્ટ અને બિપિન સથવારાએ નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી તથા કાર્યક્રમનું આયોજન આસી. પ્રોફેસર ડૉ. રૂપમ ઉપાધ્યાય અને ડૉ. મીનળબા જાડેજાએ સંભાળ્યું હતું.

## રેડક્રોસ સોસાયટી દ્વારા સ્વાઈન ફલુ અટકાવવા સઘન ઝુંબેશ



ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર તથા દેના બેંક સેકટર-૨૨ના સંયુકત ઉપક્રમે સેકટરોમાં, સિવિલ હોસ્પટિલ તથા ગ્રામ્ય વિસ્તારમાં સ્વાઈન ફલુના પ્રાથમિક ઉપચાર હેતુ આયુર્વેદ ઔષધિના ઉકાળાનું વિતરણ અને વાયરસ વિરોધી રક્ષા પોટલીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ પત્રિકાઓ અને બેનરો મારફતે જાહેર જનતાને વાયરસથી બચવા પ્રાથમિક માહિતી આપી જાગૃત કરવામાં આવ્યા હતા. આ સેવાકાર્યમાં જયેન્દ્રભાઈ એન. પરીખ, ગિરધારીલાલ પમનાણી (બેંક મેનેજર), રામસીંગ પરમાર, દુર્ગેશ પરમાર, પ્રગતિબેન સામલ, કૃપાબેન પરમાર તથા તમામ આગેવાનોએ સહયોગ આપ્યો હતો.

## નવીન શાહ હત્યા કેસમાં વધુ એક આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૫

હાઈપ્રોફાઈલ નવીન શાહ અપહરણ હત્યા પ્રકરણમાં ગાંધીનગર એલસીબીની ટીમે અત્યાર સુધી મુખ્ય સુત્રધાર મૌનિક પટેલ સહિત છ આરોપીઓની ધરપકડ કરી લીધી હતી. આજે વધુ એક વોન્ટેડ આરોપીને દબોચી લેતા અત્યાર સુધી આ કેસમાં સાત આરોપીની ધરપકડ થઈ છે. ગાંધીનગર શહેરના સેકટર-૧, પ્લોટ નં. ૨૮૩માં રહેતા પરીન ઉર્ફે પ્રવિણ જગદીશ ઠકકરની આજે એલસીબીની ટીમ દ્વારા ધરપકડ કરી લેવામાં આવી છે. ગુનાની ઉંડી પુછપરછ માટે કોર્ટમાં રજુ કરી રીમાન્ડ મેળવવા તજવીજ શરુ કરી આ ગુનામાં નાસતા ફરતા હજુ એક આરોપીની શોધખોળ શરુ કરવામાં આવી છે.




## @ગાંધીનગર

● આયુર્વેદ હોસ્પિટલ કોલવડા ખાતે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન દંતચિકિત્સા યજ્ઞ યોજાશે. આ યજ્ઞમાં પેઢાને લગતા દાંતના રોગનું નિદાન કરાશે.

● ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટી દ્વારા શકિતસિંહ ગોહિલ અને કરસનદાસ સોનેરીની જાહેર સભા પેથાપુર બસ સ્ટેન્ડ પાસે સાંજે ૭ કલાકે યોજાશે.

● કરૂણા એનીમલ એમ્બ્યુલન્સ ૧૯૬૨ સેવાનો લોકાર્પણ સમારોહ બપોરે ૩ કલાકે મેડીકલ કોલેજ ગાંધીનગર સે-૧૨ ખાતે યોજાશે.

## ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી થયેલ બસ સ્ટેન્ડ શોભાના ગાંઠીયા સમાન

ગાંધીનગર, તા.૫

અમદાવાદથી ગાંધીનગર આવતા મુસાફરોને પાટનગરમાં કલેકટર કચેરી, ન્યાયમંદિર, સિવિલ હોસ્પિટલ, સહયોગ બિલ્ડીંગ, મનપા જેવી કચેરીઓમાં આવતા મુસાફરો માટે ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલની ગ્રાંટમાંથી બસ સ્ટેન્ડ બનાવેલ છે. પરંતુ કડંકટર તે બસ સ્ટેન્ડની ટિકિટ આપતા નથી. જે એસ.ટી.ના દફતરમાં નથી. તા. ૨૯મી સપ્ટેમ્બરના રોજ અમદાવાદથી ગાંધીનગર બપોરે અઢી વાગે બસ નં. જીજે-૧૮-વાય-૯૦૯ના કડંકટરે જણાવેલ કે ટિકિટ મશીન નંબર ૩૩૪૮૪માં આ સ્ટેન્ડ દર્શાવેલ નથી. પરિણામે આ બસ સ્ટેન્ડ અસામાજિક તત્ત્વોના આશ્રયસ્થાન તરીકેનું કે શોભાના ગાંઠીયા સમાન બન્યું છે.

શહેરના એક સિનિયર સીટીઝને ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલને આ બાબતે રજુઆત કરી છે તથા એસ.ટી. ખાતું પણ શું કાર્યવાહી કરે છે તે જોવું રહ્યું.

## ગાંધી મિત્ર વર્તુળ-ગાંધીનગરની નૂતન વર્ષ નિમિત્તે શુભેચ્છા બેઠક મળશે

ગાંધીનગર, તા.૫

ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરની નૂતનવર્ષ નિમિત્તે શુભેચ્છા બેઠક ગાંધીનગરના અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાને પ્લોટ નં. ૬૨૮ વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૨ ગાંધીનગર ખાતે તા. ૭-૧૦-૨૦૧૭ને શનિવારે સવારે ૯.૩૦ કલાકે શુભેચ્છા બેઠક મળશે. તેમાં 'ગાંધીજીની કહાણી' પુસ્તકનું રાહતના દરે વિતરણ કરવામાં આવશે તો સૌ ગાંધીજનોને સમયસર ઉપસ્થિત રહેવા અનુરોધ છે.

## નર્સિંગ સ્ટાફની હડતાલ ૧૨મી સુધી મોકુફ

**સરકારે પડતર પ્રશ્નનો યોગ્ય નિકાલ આવશે તેવી હૈયાધારણા આપી**

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા નર્સિંગ સ્ટાફ આજરોજ માસ સીએલ પર ઉતરવાનો હતો. પરંતુ સરકાર દ્વારા આગામી તા.૧૨ સુધી તમામ પડતર પ્રશ્નો અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવશે તેવી હૈયાધારણા આપતા હાલ પુરતા કાર્યક્રમો નર્સિંગ સ્ટાફ દ્વારા મોકુફ રાખવામાં આવ્યા છે. નર્સિંગ સ્ટાફના પડતર પ્રશ્નોમાં ખાસ કરીને ૭મું પગારપંચ, પ્રમોશનના નિતી નિયમો નક્કી કરવા, વોશીંગ એલાઉન્સ સેન્ટ્રલ લેવલે ચુકવવું, તેમજ સ્ટાફ નર્સના સ્થાને નર્સિંગ ઓફીસનો દરજ્જો, કોન્ટ્રાકટ પ્રથા નાબુદ કરવી, ડિપ્લોમાં વિદ્યાર્થીઓને સ્ટાઈપેન્ડમાં રૂ.૫૦૦૦ આપવા સહિતના પ્રશ્નનો સમાવેશ થાય છે. ત્યારે આજરોજની નર્સિંગ સ્ટાફની હડતાલ મોકુફ રાખવામાં આવતા ગાંધીનગર સિવિલના સત્તાધિશોએ પણ રાહતનો શ્વાસ લીધો છે.

સરકાર સમક્ષ રાજયના નર્સિંગ સ્ટાફના યુનિયન દ્વારા વિવિધ પડતર પ્રશ્નનો અંગે અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવામાં આવી છે. તેમ છતા સરકાર તરફથી કોઈ ઉકેલ ન આવતા આખરે નર્સિંગ સ્ટાફના કર્મચારીઓએ ઉગ્ર લડતનું રણશીંગુ ફુક્યું હતું. છેલ્લા અઠવાડીયાથી નર્સિંગ સ્ટાફ દ્વારા વિવિધ કાર્યક્રમો ગાંધી ચિંધ્યા માર્ગે આપવામાં આવી રહ્યા હતા. જેમાં ફ્રી ડ્રેસ પહેરીને ફરજ પર આવવું, કાળી પટ્ટી ધારણ કરીને ફરજ પર આવવું, છતા તંત્ર દ્વારા નર્સિંગ સ્ટાફની માંગણીઓ સ્વીકારવામાં ન આવતા સિવિલના કર્મચારીઓ આજે માસ સીએલ પર જવાના હતા પરંતુ સિવિલથી આરોગ્ય વિભાગ સુધી મંત્રણાઓનો દોર સતત કાર્યરત હતો. જેને પગલે સરકારે આગામી તા.૧૨ સુધીમાં નર્સિંગના પડતર પ્રશ્નો અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવશે તેવી હૈયાધારણા આપતા સ્ટાફના કર્મચારીઓએ માસ સીએલ પર જવાનો કાર્યક્રમ મોકુફ રાખ્યો હતો. માસ સીએલનો કાર્યક્રમ મોકુફ રાખવામાં આવતા સિવિલ તંત્રએ પણ હાશકારો અનુભવ્યો હતો.

## વાવોલ સરકારી આદિજાતી કુમાર છાત્રાલયમાં વિદ્યાર્થીઓને હાડમારી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેર નજીક આવેલ વાવોલ ગામમાં આદિજાતી કુમાર છાત્રાલય સરકાર દ્વારા તૈયાર કરાયું છે. આ છાત્રાયલમાં ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ વસવાટ કરે છે અને શાળા કોલેજોમાં અભ્યાસ કરે છે. ત્યારે છેલ્લા ઘણા સમયથી આ છાત્રાલયમાં વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નો છે પરંતુ તેનો નિકાલ થતો નથી.

વાવોલ આદિજાતિ કુમાર છાત્રાલય ખાતે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ છાત્રાલયમાં છેલ્લા કેટલાક સમયથી પીવાનું પાણી શુધ્ધ નથી આવતું, જેને પગલે વિદ્યાર્થીઓને ચામડીની સમસ્યાઓ થઈ રહી છે.તો બીજી તરફ છાત્રાલયમાં બેસીને વાંચન કરી શકે તે માટે ટેબલ કે ખુરશી સહિત લાયબ્રેરી પણ ઉપલબ્ધ નથી.ત્યારે વિદ્યાર્થીઓની હાલત જાયે તો જાયે કહા જેવી થવા પામી છે. જયારે આદિજાતી કુમાર છાત્રાલયમાં મોડા એડમીશન પણ કરવામાં આવે છે તેવો આક્ષેપ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યો છે.જયારે જમવામાં પણ યોગ્ય ગુણવતા જળવાતી નથી. સ્કોલરશીપમાં પણ ધાંધીયા થાય છે ત્યારે નવિન છાત્રાલય હોવાછતા અનેક પ્રશ્નોથી વિદ્યાર્થીઓ પીડાઈ રહ્યા છે. ત્યારે તાજેતરમાં વિદ્યાર્થીઓ એક મંત્રીને આ અંગે રજુઆત કરવા સચિવાલય ખાતે ગયા તો તેઓએ મને કયા મત આપો છો તેવું જણાવી કાઢી મુકયા હતા. અને પછી આવજો જોઈશું તેવું વિદ્યાર્થીઓ કહી રહ્યા છે. વિદ્યાર્થીઓના પ્રશ્નો હલ ન થતા તેઓએ આજે સાંજે એક બેઠક યોજી હતી અને આગામી રણનિતી ઘડી હતી. વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નનો સત્વરે ઉકેલ નહી આવે તો સરકારી આદિજાતી છાત્રાલયના વિદ્યાર્થીઓ ઉગ્ર આંદોલન કરશે.

## આઈ લવ માય ગાંધીનગર



**જે સી શાહ**

**ગાંધીનગર ગમે**

આ શહેર પોતાની નોકરીયાત વર્ગ માટેના શહેરની ઓળખાણને બદલીને અનેક શિક્ષણવિદ, વૈજ્ઞાનિક, બિલ્ડર, પર્યાવરણ પ્રેમી, ધાર્મિક સંસ્થાઓ, સેવાકીય સંસ્થાઓથી ધબકી રહ્યું છે ને એટલે તે ખૂબ ગમે છે.

**નગરજનો**

ઉચ્ચતમ વિચારસરણી ધરાવતા વિચક્ષણ અને લાગણીશીલ, સેવાભાવી વ્યક્તિઓ આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

ગાંધીનગર કલ્ચરલ ફોરમ, લાયન્સ-રોટરી કલબ, જી ઈ કલબ, ગ્રો ફાઉન્ડેશન, આર્ષ જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓથી વાકેફ છું અને તે મને ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

શહેરનો સ્વચ્છ અને વ્યવસ્થાની દ્ષ્ટિએ સુદ્દઢ બનાવવાની આવશ્યકતા મહેસૂસ થઈ રહી છે.

**નગર માટે હું કરી શકું**

શિક્ષણ અને રોજગાર માર્ગદર્શન માટેની સેવા શહેરને આપવા માટે હું તૈયાર છું.

## ટીંટોડા ગામે નવીન રોડ માટે ખાતમુર્હુત



ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામે નવીન રોડનું ખાતમુર્હુત કરવામાં આવ્યું છે. આ ખાતમુર્હુત ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તથા ગાંધીનગર દક્ષિણ વિધાનસભા બેઠકના ધારાસભ્ય શંભુજી ઠાકોરના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટીંટોડા ગામના સરપંચ ચેતનાબેન કાનાજી ઠાકોર ઉપરાંત યોગેશજી ઠાકોર, અંબાલાલ ઠાકોર, કાનાજી ઠાકોર સહિતના અગ્રણી ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## આવતીકાલે દેવ ઈન્ટરનેશનલ સ્કૂલનો દશાબ્દી મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૫

વાવોલની દેવ ઈન્ટરનેશનલ સ્કૂલ અને સહિયર કન્યા છાત્રાલયને દશ વર્ષ પુરા થઈ રહ્યા છે. આ પ્રસંગે સંસ્થા દ્વારા દશાબ્દી મહોત્સવ ઉદઘાટન કાર્યક્રમ તથા દશાબ્દિ મહોત્સવ સ્મરણિકા ૨૦૧૭નો વિમોચન કાર્યક્રમ તા. ૭મી ઓકટોબરે સવારે ૮.૩૦ કલાકે યોજાશે.

દેવ ઈન્ટરનેશનલ સ્કૂલના દશાબ્દી મહોત્સવ પ્રસંગે રાજયના પૂર્વ ગૃહ મંત્રી ગોરધનભાઈ ઝડફીયા ઉદઘાટક ભાજપ જિલ્લા પ્રભારી પૃથ્વીરાજ પટેલ, મુખ્ય મહેમાન પદે ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મેયર પ્રવિણભાઈ પટેલ, ગુડાના ચેરમેન આશિષ દવે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત પાટીદાર સમાજના પ્રમુખ વિક્રમ પટેલ, રાજપૂત સમાજના પ્રમુખ વિક્રમ ગોલ, નાગરિક બેંકના ચેરમેન, ઘનશ્યામભાઈ પટેલ, ધવલ એન્જિનીયરીંગના ડિરેકટર અશોક પટેલ, ભાજપ કારોબારી સભ્ય નીતિન પટેલ, સરદાર પટેલ સેવા સમાજના પ્રમુખ અશોક શ્રોફ, વાવોલના માજી સરપંચ કુબેરસિંહ ગોલ તથા વર્તમાન સરપંચ નગીનભાઈ નાડીયા વગેરે ઉપસ્થિત રહેશે.



યુનિફાઈડ બેઈઝ ઓફ ઈન્ડિયા સંસ્થા દ્વારા ભારત ની સૌ પ્રથમ સ્પીકિંગ કોફી ટેબલ બુક બેસ્ડ ઓન ઑગ્મેન્ટેડ રિયાલિટી ટેક્નોલોજી બુકનું અનાવરણ કરવામાં આવ્યું હતું . જેને લંડનની વર્લ્ડ બુક ઓફ રેકોર્ડના ગુજરાત હેડ શ્રી અશ્વિનભાઈ ત્રિવેદી અને કો-ઓર્ડીનેટર શ્રી દિવ્યભાઈ ત્રિવેદી દ્વારા ડૉ. જી ડી સિંઘ અને ડૉ. નીતુ સિંઘને વર્લ્ડ રેકોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે એર માર્શલ આર કે ધીર, ગુજરાત અને રાજસ્થાન માટેના બ્રિટિશ હાઈકમિશનર જીઓફ વેઈન, યુનાઈટેડ નેશન ભારતના પ્રમુખ શ્રી કમલસિંઘ, બી એસ એફના આઈજી શ્રી અજય તોમર, નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોના ઝોનલ ડિરેક્ટર શ્રી હરિઓમ ગાંધી, શ્રી અરવિંદ વેગડા વગેરે મહેમાન ઉપસ્થિત રહ્યા હતા.

## અંબાજી ખાતે રાજપૂત સમાજ દ્વારા મહાભારત તત્વદર્શન મણકો-૧ નું આયોજન

**આ પ્રસંગે ગાંધીનગરના અંબુસિંહ ગોલને સમાજરત્ન એવોર્ડથી સન્માનવામાં આવશે**

ગાંધીનગર, તા.૫

રાજપૂત સમાજ મિલ્કત ટ્રસ્ટ દ્વારા અંબાજી ખાતે બા હંસાબા ચંદનસિંહ રાજપૂત સમાજ એકતા ભવનના લાભાર્થે તા. ૬ થી ૮ ઓકટોબર દરમિયાન મહાભારત તત્વ દર્શન મણકો-૧ નું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સમાજનો ચતુર્થ એવોર્ડ વિતરણ સમારોહ યોજાશે. જેમાં ગાંધીનગરના અગ્રણી ઉદ્યોગપતિ અંબુસિંહ ગોલને 'સમાજરત્ન' એવોર્ડથી સન્માનવામાં આવશે.

મહાભારત તત્વદર્શન મણકો-૧ના પ્રસંગે વિસનગરના મહંત પૂ. શંકરનાથજી ગુરુ ગુલાબનાથજી તથા લટારેનાથજી બાપુની જગ્યાના મહંત પૂ. મહેન્દ્રસિંહબાપુ સાણંદવાળા રજૂઆત કરશે. આ પ્રસંગે બળવંતસિંહ ચંદનસિંહ રાજપૂત સિધ્ધપુરવાળા, ઘેલુભા ઉદેસિંહ વાઘેલા- સાણંદ ભરૂચા, ગાંડાભાઈ ઓલ ચાંગોદરવાળાને પણ સમાજરત્ન એવોર્ડથી નવાજવામાં આવશે. આ જ્ઞાનયજ્ઞમાં અનિરૂધ્ધસિંહ જાડેજા, જીટીપીએલના ડિરેકટર કનકસિંહ રાણા, હેમાભાઈ રાજપૂત, પૂર્વ ધારાસભ્ય વાવ-થરાદ, મહેન્દ્રસિંહ વાઘેલા, હંસાબા ચંદનસિંહ રાજપૂત, ડૉ. દિપુબા દેવડા, લીલાબા ચાવડા, ડૉ. સુહાસબા ડાભી ભરૂચવાળા ઉપસ્થિત રહેશે.

આ સમારંભના મુખ્ય યજમાનપદે રાજપૂત સમાજ જયારે ભોજન સમારંભ માટે લક્ષ્મણસિંહ વાઘેલા, પ્રેમસિંહ ગોલ, દિલિપસિંહ વાઘેલા, હિંમતસિંહ રાજપૂત વગેરેએ દાન સહયોગ આયો છે. મહાભારત તત્વ દર્શન મણકો-૧ના પૂ. સંત આનંદમૂર્તિ મહારાજ એ સમાજ માટે ગૌરવ હોવાનું જણાવી અંબાજી રાજપૂત સમાજના પ્રમુખ સામંતસિંહ પી. સોલંકીએ ઉપસ્થિત રહેવા સમાજના સભ્યોને અનુરોધ કર્યો છે.

## સર્વનેતૃત્વ ગૃપનો યુથ એમ્પાવરમેન્ટ વર્કશોપ યોજાયો






ગાંધીનગર, તા.૫

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા યુવાનોના સશકિતકરણ માટે સર્વનેતૃત્વ ગૃપની રચના કરવામાં આવી છે. તાજેતરમાં સર્વનેતૃત્વ ગૃપ દ્વારા ત્રિ દિવસીય કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં યોગાચાર્ય અને જાણીતા મોટીવેશનલ ટ્રેનર જે.સી. પટેલે વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃત્તિઓ વડે તેમની ક્ષમતા બહાર લાવવા માર્ગદર્શન કર્યું હતું. આ કાર્યક્રમમાં ૯ કોલેજના ૬૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

યુથ એમ્પારવમેન્ટ કાર્યક્રમમાં યોગાસન, વ્યાખ્યાન, જુથ સંવાદ, ધ્યાન અને ટેલેન્ટ ઈવનીંગ થકી સ્વાસ્થ્ય, ટાઈમ મેનેજમેન્ટ, લીડરશીપ, ઈવેન્ટ મેનેજમેન્ટ અને ટીમ વર્કીંગ જેવી ક્ષમતાઓ વિદ્યાર્થીઓમાં વિકસાવવા પ્રયત્ન કર્યો હતો. આ તાલીમમાં ટ્રેનર દ્વારા ઈમોશનલ મેનેજમેન્ટ, આકર્ષણનો સિધ્ધાંત, હેલ્થ મેનેજમેન્ટ, ઈન્ટરપર્સોનલ સ્કીલ્સ, સ્ટ્રેસ મેનેજમેન્ટ, ટાઈમ મેનેજમેન્ટ તથા માઈન્ડ પાવર વિષયે માર્ગદર્શન કરાયું હતું. વર્કશોપના સમાપન પ્રસંગે ડૉ. આનંદ પટેલ, ડૉ. રમાકાન્ત પૃષ્ટિ વગેરેએ ઉપસ્થિત રહી સંસ્કારો થકી ઉત્કૃષ્ઠ પરિણામ મેળવનારી સફળ વ્યકિતઓના ઉદાહરણ થકી વિદ્યાર્થીઓને પ્રેરિત કર્યા હતા. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન વલ્લભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા હતા. મનન પટેલ, સુરજ મુંજાણી, અંજલિ પટેલ અને વિજેન્દ્ર ચાવડા વગેરેએ સ્વયંસેવક તરીકે સેવાઓ આપી હતી.